એરક્રાફ્ટ્સ માટે વપરાતા ઈંધણ એટીએફનું ગુજરાત ટ્રેડિંગ કરશે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૨૩

ગુજરાત સરકારે આંતરરાજ્ય ખાનગી વિમાની સેવા ઉપલબ્ધ કરાવવા ઉપરાંત એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)નું ટ્રેડિંગ કરવાનું નક્કી કર્યું છે. ભારતના કોઈ રાજ્યએ એટીએફનું ટ્રેડિંગ કરવાનું નક્કી કર્યું હોય તેવો કદાચ આ પ્રથમ રાજ્ય હશે.

એટીએફ એ વિમાનના ઈંધણ તરીકે વપરાય છે અને તેમાં ભાવવધારો થાય એટલે વિમાની ભાડામાં વધારો તોળાય છે. ૭૫ ટકા રિફાઈનરીઓ એટીએફની કિંમત ઘણી વધારે લેતી હોય છે, એટલે કે તેમાં નફાનું પ્રમાણ વધારે જોવા મળે છે, આ સંજોગોમાં ગુજરાતી લોકોને મુંબઈ, દિલ્હી કે અન્ય રાજ્યના કોઈ શહેરમાં જવું હોય તો સસ્તુ એટીએફ આપી શકાય તેમ છે.

એવિયેશન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાત એવિયેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ અને ગુજરાત સ્ટેટ પેટ્રો કેમિકલ્સ લિમિટેડ વચ્ચે એટીએફ બાબતે કરાર કરવામાં આવ્યો છે.

એવિયેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની એ ૧૦૦ ટકા રાજ્ય સરકાર આધારિત કંપની છે તેમાં ૧૦ કરોડનું કેપિટલ મૂકવામાં આવી છે. એટીએફ માટે સરકારે સિવિલ એવિયેશન પોલિસીમાં પણ સૂચન કરેલું છે. જો કે આ માટે ભારત સરકારની મંજૂરીની આવશ્યકતા રહેલી છે. દરખાસ્તમાં જણાવ્યા પ્રમાણે ગુજરાત એટીએફનું ટ્રેડિંગ કરશે.

ગુજરાતમાંથી અન્ય રાજ્યોમાં વિમાની સેવા શરૂ કરવા માટે સ્પાઈસ જેટ, વેન્ચુરા, એરકનેક્ટ, ડેક્કન ચાર્ટર્સ અને લ્યુઆન એરવેઝ સાથે ટેન્ડરની પ્રક્રિયા ચાલી રહી છે. સરકારનો હેતુ અમદાવાદ,

એવિયેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની અને પેટ્રો કેમિકલ્સ કંપની વચ્ચે કરારથી ઈંધણ વેચાશે આંતરરાજ્ય હવાઈ સેવા આપવાનો ઈરાદો રાજ્યના શહેરોમાં પણ એરક્રાફ્ટ સુવિધાઓ

સિવિલ એવિયેશનમાં રાજ્ય સરકારે પીપીપી મોડેલના પ્રોજેક્ટોને આવકાર્યા છે. ૨૦૦૯ અને ૨૦૧૧માં સરકારે આ ક્ષેત્રમાં છ કંપનીઓ સાથે એમઓયુ સાઈન કર્યા છે, જેમાં પ્રાઈવેટ વિમાની સેવાનો પણ સમાવેશ થઈ જાય છે.

સિવિલ એવિયેશન પોલિસીમાં આંતરમાળખાકીય સુવિધાઓ, હવાઈ જહાજોનું નિર્માણ, ડિઝાઈન, માવજત, નવા એરપોર્ટ અને હેલિપેડ સહિત નાગરિક ઉડ્ડયન ક્ષેત્રના વિકાસની બાબતો આવરી લીધી છે.

રાજ્ય સરકારે હવાઈ સેવાઓ પૂરી પાડવાના હેતુથી ૨૧ કંપનીઓ સાથે કરાર કરીને ૧૫૮૯૮ કરોડનો માસ્ટરપ્લાન બનાવ્યો છે જેમાં એરોસ્પોર્ટ્સ, હેલિકોપ્ટર સર્વિસ, એર ટેક્સી વગેરેનો સમાવેશ થાય છે.

ડીએમઆઈસીમાં આવતા માંડવીમાં એવિયેશનની સ્કૂલ પણ શરૂ થનાર છે, જ્યારે ઉત્તર ગુજરાતના મહેસાણામાં એરપોર્ટ સિટી બનાવવાનો પ્લાન છે. મહેસાણાનું એરફિલ્ડ વધારે ડેવલપ પણ કરવામાં આવી રહ્યું છે.

પોરબંદર, કેશોદ, મુંન્દ્રા, સુરત, વડોદરા, અંકલેશ્વર, દિવ, ભુજ, ભાવનગર, જામનગર અને કંડલા સહિતના શહેરોમાં નવી વિમાની સેવા શરૂ કરવાનો છે. એ સાથે અન્ય રાજ્યોના શહેરોમાં પણ આ પ્રકારની સુવિધા આપવામાં આવશે.

ઉત્તર ગુજરાતના મહેસાણામાં એરપોર્ટ સિટી બનાવાનો પ્લાન

સરકારે તૈયાર કરેલી એવિયેશન પોલિસીમાં આંતરમાળખાકીય સુવિધાઓ, હવાઈ જહાજોનું નિર્માણ, ડિઝાઈન, માવજત, નવા એરપોર્ટ અને હેલિપેડ સહિત નાગરિક ઉડ્ડયન ક્ષેત્રના વિકાસની બાબતો આવરી લીધી છે.

રાજ્ય સરકારે હવાઈ સેવાઓ પૂરી પાડવાના હેતુથી ૨૧ કંપનીઓ સાથે કરાર કરીને ૧૫૮૯૮ કરોડનો માસ્ટરપ્લાન બનાવ્યો છે જેમાં એરોસ્પોર્ટ્સ, હેલિકોપ્ટર સર્વિસ, એર ટેક્સી વગેરેનો સમાવેશ થાય છે.

ડીએમઆઈસીમાં આવતા માંડવીમાં એવિયેશનની સ્કૂલ પણ શરૂ થનાર છે, જ્યારે ઉત્તર ગુજરાતના મહેસાણામાં એરપોર્ટ સિટી બનાવવાનો પ્લાન છે. મહેસાણાનું એરફિલ્ડ વધારે ડેવલપ પણ કરવામાં આવી રહ્યું છે.

ધો-૧૨ સામાન્ય પ્રવાહનું આજે પરિણામ

જિલ્લાના ૧૧૮૨૭ વિદ્યાર્થીઓનું ભાવિ નિર્ધારીત થશે : ૧૩૮૭ રીપીટર વિદ્યાર્થીઓએ પણ પરીક્ષા આપી હતી, પરિણામ સવારે ૯ કલાકે બોર્ડની વેબસાઈટ પર જાહેર થશે

ગાંધીનગર, તા.૨૩

ગત માર્ચ મહિનામાં લેવાયેલી ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે શિક્ષણબોર્ડની વેબસાઈટ પર જાહેર કરાશે. જિલ્લામાંથી ૧૩૮૭રીપીટર સહિત કુલ ૧૧૮૧૭ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરાયા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૨૪ મે ના રોજ સવારે ૯ કલાકે ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવશે. ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં રાજ્યમાં ૪,૩૫,૪૩૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જ્યારે માર્ચ ૨૦૧૨માં લેવાયેલી આ પરીક્ષામાં ગાંધીનગર જિલ્લામાંથી પણ ૧૧૮૧૭ વિદ્યાર્થીઓની કસોટી થઈ હતી. આ પૈકી ૧૩૮૭રીપીટર વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. ધો-૧૨ સામાન્ય, ઉત્તર બુનિયાદી અને વ્યવસાયલક્ષી પ્રવાહનું પરીણામ બોર્ડ દ્વારા નિયત કરાયેલી ત્રણ વેબસાઈટ પરથી વિદ્યાર્થીઓ જાણી શકશે. જેમાં ઈમેલથી પરિણામ જાણવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ પોતાનું ઈમેલ એડ્રેસ **www.gipl.net** વેબસાઈટ પર જઈ લોગઈન કરી રજિસ્ટરના આધારે જાણી શકશે. વધુમાં બોર્ડ કક્ષાએથી વિદ્યાર્થીઓ એસ.એમ.એસ. દ્વારા પણ પરિણામ જાણી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં પરિણામ જાણવા પરીક્ષાર્થીઓએ **'hsc-seat number'** સાથે ૫૦૧૧૧ પર એસ.એમ.એસ. કરવાનો રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ કોલસેન્ટર તેમજ લેન્ડલાઈનના માધ્યમથી પણ પરિણામની માહિતી મેળવી શકશે.

પરિણામ જાણવા માટે
ગાંધીનગર
૦૭૯-૬૫૭૨૧૮૦૧
અમદાવાદ
૦૭૯-૨૬૮૫૧૪૨૨
૦૭૯-૨૬૮૫૦૬૧૧
ટોલ ફ્રી નંબર
૧૮૦૦૨૩૩૫૫૦૦

બીએસએફ જવાનની બનાવટી ઓળખ ઊભી કરવાના કેસમાં બે ને સજા

આલમપુરનો શખ્સ ચિલોડા કેમ્પ પાસેથી ઝડપાયો હતો : તકસીરવાન બે આરોપીઓને અઢી વર્ષની કેદ

ગાંધીનગર, તા.૨૩

બી.એસ.એફ.ના જવાનના અસલ ઓળખપત્ર પરથી બનાવટી આઈ-કાર્ડ બનાવી પોતાની બી.એસ.એફ. ના જવાન તરીકે ખોટી ઓળખ ઉભી કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે બે આરોપીઓને અઢી વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર જિલ્લાના આલમપુર ગામમાં રહેતા રવિન્દ્ર બાબુરાવ ચૌધરીએ ચિલોડા ઈસનપુર રોડ પર ઉમિયાનગર સોસાયટીમાં રહેતા જતીન જગદીશભાઈ પટેલની મદદથી બી.એસ.એફ.ના જવાનના અસલ ઓળખપત્ર પરથી બનાવટી ઓળખપત્ર બનાવ્યું હતું. જ્યારે આરોપી રવિન્દ્ર આ ઓળખપત્ર પોતાની સાથે રાખી લોકોને બતાવી પોતે બી.એસ.એફ.નો જવાન હોવાનું કહી બેવકુફ બનાવતો હતો. આરોપીએ જવાનનો ગણવેશ બનાવડાવીને પણ પહેર્યો હતો. પોતાની ખોટી ઓળખ ઉભી કરી બી.એસ.એફ.ના જવાન (રાજયસેવક) તરીકેની બનાવટી ઓળખ પ્રસ્થાપિત કરવાનું કૃત્ય આચર્યું હતું. તા. ૨૭ ડિસેમ્બર વર્ષ ૨૦૧૦ના રોજ ગાંધીનગરના નજીકના ચિલાડા સ્થિત બી.એસ.એફ.ના કેમ્પમાં અંદર પ્રવેશતી વેળાએ દરવાજા પાસે આરોપીની નકલી ઓળખ છતી થતા આ અંગે બી.એસ.એફ. કક્ષાએથી એ.ટી.એસ.ને જાણ કરવામાં આવી હતી. આ મામલે આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા એ.પી.પી. શ્રી ઓઝાની દલીલોના અંતે કોર્ટે બંને આરોપીઓને તકસીરવાન ઠરાવી અઢી વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

બી.એસ.એફ.ના કેમ્પમાં પ્રવેશતી વેળાએ આરોપીની નકલી ઓળખ છતી થતા બી.એસ.એફ. કક્ષાએથી એ.ટી.એસ.ને જાણ કરવામાં આવી હતી

ગાંધીનગરનો મધ્યમ વર્ગ પેટ્રોલના અસહ્ય ભાવ વધારાથી વધુ ભીંસમાં

ગાંધીનગરમાં જાહેર પરિવહનના સાધનો ઓછા હોવાથી પેટ્રોલથી ચાલતા ટુવ્હીલર-ફોર વ્હીલર વધુ વપરાય છે : મધ્યમ વર્ગના માસિક બજેટમાં ૫૦૦ થી ૧૦૦૦ રૂ.નો વધારો થશે

ગાંધીનગર, તા. ૨૩

ધારણા અનુસાર જ પેટ્રોલના ભાવોમાં ભારેખમ વધારો થયો છે. પેટ્રોલના ભાવો વધતા દરેક વસ્તુઓના ભાવો પર તેની અસર થશે તો મધ્યમવર્ગીય પરિવારોનું બજેટ અંદાજે ૫૦૦ થી ૧૦૦૦ રૂ. જેટલુ વધી જશે. ગાંધીનગરનો મધ્યમવર્ગ વધુને વધુ મોંઘવારીમાં ભીંસાતો જશે.

પેટ્રોલના ભાવોમાં આજથી સાડા સાત રૂપિયાનો ભાવવધારો અમલી બનાવાતા મધ્યમવર્ગીય પરિવારોના માથે વધુ એક આફત આવી ગઈ છે. રૂપિયાના અવમૂલ્યનથી લઈને ક્રુડના ભાવવધારા જેવા કારણો આગળ ધરી ઓઈલ કંપનીઓએ પેટ્રોલના ભાવોમાં વધારો કરવાની માંગ કરી હતી તેને મંજુરી અપાતા આજ રાતથી રૂ. ૭.૫૦ જેટલો તોતીંગ ભાવવધારો લાગુ પડી જશે. પેટ્રોલના ભાવવધારાની સૌથી વધુ અસર મધ્યમવર્ગીય પરિવારો પર થશે. ગાંધીનગરના મધ્યમ આવક ધરાવતા પરિવારો વધુને વધુ ભીંસ અનુભવશે.

● અનુસંધાન પાન-૭ પર

ખૂણે ખાંચરેથી

● સેક્ટર-૨-ડીમાં છેલ્લા એક સમાહથી પુરતા ફોર્સથી પાણી પુરવઠો નહિ મળતો હોવાની ફરિયાદ તીવ્ર બની છે અને વસાહતીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. ● વિટકોસ દ્વારા મીની બસની સાથે સાથે હવે ૫૬ સીટની બસો પણ સીટી બસના સંચાલન કાફલામાં જોડવામાં આવી છે. ● કૃષિ મહોત્સવમાં ભાગ લેવા આજે જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ દહેગામ જવાના છે. ● ગાંધીનગર મનપાના નાયબ મ્યુનિ. કમિશનર શ્રી જાદવના પત્ની બિમારીમાં પટકાયા છે. ● ગુજરાતી સાહિત્ય પરિષદના હોલમાં પૂર્વ પ્રમુખ સ્વ. ભોળાભાઈ પટેલના અવસાન અંગે યોજાયેલ પ્રાર્થના સભામાં ગાંધીનગર સાહિત્ય સભા તથા કલ્ચરલ ફોરમના અગ્રણીઓએ હાજરી આપી હતી. ● સુઝુકી કંપનીનું નવુ બાઈક 'હયાત' આજે ગાંધીનગર ખાતે લોંચ થયું છે. ● ગાંધીનગર જિલ્લાની લીડ બેંક દેનાબેંક તેની સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણી કરી રહી છે. આ નિમિત્તે ગ્રાહકો સાથે તેણે એક બેઠક ૨૬મીના રોજ ગાંધીનગર ખાતે રાખી છે. ● ઘ-૩ પાસે આજે મોડીરાત્રે શોર્ટ સરકીટથી આગ લાગતાં ફાયર બ્રિગેડ પહોંચી ગયું હતું.

રાજકીય નેતાઓ, સનદી અધિકારીઓ, બિઝનેસમેન અને હવે ગુજરાતના અધિકારીઓ

બે મોબાઈલ રાખવાનો વધતો ક્રેઝ એક પર્સનલ અને એક ઑફિસ

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં ગુન્હેગારોને પકડવા માટે પોલીસતંત્રના કર્મચારી કે અધિકારીઓ એક થી વધારે મોબાઈલ ફોન રાખે તે સમજી શકાય તેવી બાબત છે પરંતુ હવે તો સરકારના વહીવટી તંત્રમાં બે મોબાઈલ રાખવાનો ક્રેઝ વધતો જાય છે. ધારાસભ્યો અને સંસદસભ્યો બે મોબાઈલ રાખતા થઈ ગયા છે. હવે તો ડ્યુએલ સીમકાર્ડના મોબાઈલ બજારમાં આવ્યા હોવાથી ઘણાં મોબાઈલ ધારકો પાસે કેટલા સીમ છે તેની ખબર પડી શકતી નથી.

સચિવાલયમાં કામ કરતાં એક કર્મચારીએ કહ્યું હતું કે ડબલ

ઓફિસ જેમને મોબાઈલ સીમકાર્ડ આપે છે તેવા અધિકારીઓ અંગત વપરાશ માટે તેમનો પર્સનલ નંબર પણ રાખવા જોવા મળે છે.

મોબાઈલ ફોન કંપનીઓના પ્રાપ્ત થયેલા રેકોર્ડ પ્રમાણે ગાંધીનગરની સરકારી ઓફિસમાં કામ કરતાં આશરે અઢી હજાર કર્મચારીઓ પાસે બે મોબાઈલ જોવા મળે છે. એક સરકારી સીમ હોય છે જ્યારે બીજું પ્રાઈવેટ સીમ રાખવામાં આવે છે. બીજા સીમમાં મોટાભાગે બીએસએનએલનો ઉપયોગ વધારે થતો હોય છે.

મોબાઈલ ફોન ટેપ થતાં હોવાના ડરથી રાજકીય નેતાઓ, મંત્રીઓ, મોબાઈલ રાખવાની ફેશન નથી પણ હવે આવશ્યકતા વધતી જાય છે. પ્રાઈવેટ ફોનથી અન ઓફિસિયલ કામ પણ થઈ શકે છે.

ગુજરાતમાં છ કરોડની વસ્તીની સરખામણીએ ચાર કરોડ કરતાં વધારે મોબાઈલ હોવાના ભારત સરકારના આંકડા ખોટા નથી કારણ કે ડ્યુઅલ સીમનું પ્રમાણ પણ ચોંકાવનારી રીતે વધી રહ્યું છે. સસ્તા હેન્ડસેટ અને સર્વિસ પ્રોવાઈડર્સના સસ્તા ભાડા હોવાથી કાંડે ઘડિયાળ નહીં હોય પણ ખિસ્સામાં મોબાઈલ અચૂક જોવા મળશે.

● અનુસંધાન પાન-૭ પર

સે. ૭માં બીજા દિવસે પણ રાત્રે જ લાઈટો ડૂલ થઈ !

વસાહતીઓમાં ટોરેન્ટ પાવરની સેવાઓ સામે પ્રવર્તતો રોષ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સે. ૭માંપુનઃ આજે બીજે દિવસે પણ રાતના સુમારે લાઈટો જતી રહેતાં ૭-ડીના વસાહતીઓમાં ટોરેન્ટ પાવરની સેવાઓને લઈ રોષની લાગણી ઉભી થવા પામી છે.

છેલ્લા ૨૪ કલાકમાં ચાર-ચાર વખત વીજળી વેરણ બની જવાની ઘટનાને પગલે સે. ૭-ડીના વસાહતીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. આજે બપોર પછી ચાલુ થયેલા વીજ પુરવઠામાં પણ એ.સી. મશીનો કાર્યરત થઈ શકયા ન હોવાની ફરિયાદો ઉઠી છે. ટોરેન્ટ પાવર કંપની દ્વારા સારકામ ચાલુ હોવાનો જ પ્રત્યુત્તર આપવામાં આવે છે. પણ વીજળી ક્યારે નિયમિત મળશે તેની સ્પષ્ટતા કરાતી નહિ હોવાથી ગ્રાહકોમાં રોષ વધુ તીવ્ર બન્યો છે.

ભેજનું પ્રમાણ વધતા ગરમી, બફારાથી ભારે હાલાકી

અસહ્ય ગરમીની સાથે સાથે બફારાથી જનજીવનને માઠી અસર : ઇડરમાં સૌથી વધુ ગરમી

અમદાવાદ, તા.૨૩

સમગ્ર રાજ્યમાં કાળઝાળ ગરમીએ જનજીવન બાનમાં લીધું હતું હોય તેમ સતત ત્રણ દિવસથી ગરમીનો પારો ઊંચકાઈ રહ્યો. આજે અસહ્ય ગરમીની સાથે સાથે ભેજનું પ્રમાણ વધતા બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. આજે સવારથી જ ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ સવારે ૧૦ વાગ્યાથી જ ઘોમધખતા તાપનો અહેસાસ થઈ રહ્યો હતો. લૂ ફૂંકાતાં લોકોએ અસહ્ય ગરમીથી બચવા ઘરમાં પુરાઈ રહેવાનું મુનાસીબ માન્યું હતું. જેના કારણે શહેરના રસ્તા પણ સૂમસામ બન્યા હતા. બપોર બાદ ઉત્તર ગુજરાતના મહેસાણા, ઈડર, પાટણ, ડીસા તેમજ સરહદી રણ વિસ્તારો અગનભઠ્ઠીમાં ફેરવાઈ ગયા હતા.

...ના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com